શિક્ષણ વિભાગ હેઠળની સરકારી
યુનિવર્સિટીના કાર્યવિસ્તારમાં શૈક્ષણિક
વર્ષ-૨૦૧૫-૧૬ થી શરૂ થનાર નવી
કોલેજોની મંજૂરી માટે યુનિવર્સિટીની
સ્થાનિક તપાસ સમિતિએ ધ્યાનમાં લેવાના
મુદ્દાઓ બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ/૨૦૧૫/૮૪/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૬/૨૦૧૫

પરિપત્ર

રાજ્યમાં શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓના કાર્યવિસ્તારમાં શરૂ થનાર નવી કોલેજોની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી તેમ જ જોડાણ માટેની રાજ્યસરકારને મોકલવામાં આવતી દરખાસ્તોમાં જે તે યુનિવર્સિટીના સત્તામંડળો ધ્વારા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલને ધ્યાને લઇને, સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી તેમ જ જોડાણ માટેની ભલામણો રાજ્ય સરકારને મોકલવામાં આવે છે. વિવિધ યુનિવર્સિટીઓ તરફથી રાજ્ય સરકારને મોકલવામાં આવતી દરખાસ્તોમાં સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં સમાવિષ્ટ થયેલ મુદ્દાઓ અને અવલોકનો ધ્યાને લેતાં, સ્થાનિક તપાસ સમિતિઓ ધ્વારા જે તે કોલેજોના સ્થળ તપાસ અહેવાલોમાં અલગ અલગ મુદ્દાઓ અંગે અવલોકનો અને અભિપ્રાયો આપવામા આવતા હોવાથી, એકરૂપ અને એકસૂત્રતા જળવાતી નહીં હોવાનું વિભાગના ધ્યાન પર આવેલ છે. તેનાથી જે તે કોલેજોના સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી તેમ જ જોડાણ મંજૂર કરવા અંગે વિચારણામાં લેવાના મુદ્દાઓમાં વિવિધતાઓ જોવા મળે છે. આ પરિસ્થિતિ નિવારવા તમામ સરકારી યુનિવર્સિટીઓની સ્થાનિક તપાસ સમિતિઓના કાર્યક્ષેત્ર અને તેઓએ જે તે કોલેજોની સ્થળ તપાસ કરતી વેળા વિચારણામાં લેવાના મુદ્દાઓ સંબંધમાં એકરૂપતા આવે તે જરૂરી હોઇ, સંબંધિત યુનિવર્સિટી ધ્વારા નિમવામાં આવતી સ્થાનિક તપાસ સમિતિ જ્યારે જે તે કોલેજની સ્થળ તપાસ માટે જાય ત્યારે જે અહેવાલ તેઓ ધ્વારા તૈયાર કરીને, યુનિવર્સિટીને રજૂ કરે તેમાં આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ

Scanned with CamScanner

બાબતોનો સમાવેશ થાય, અને તે પર યુનિવર્સિટીના સત્તામંડળોમાં વિચારણા કર્યા બાદ, તે અહેવાલન નકલ સહિત રાજ્યસરકારને સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી તેમ જ જોડાણ માટેની દરખાસ્ત મોકલવાંની રહેશે.

૨/-વધુમાં યુનિવર્સિટી ધ્વારા નિમવામાં આવતી સ્થનિક તપાસ સમિતિમાં જ્યાં સરકારશ્રી પ્રતિનિધિની નિમણૂક કરવાની થાય છે, ત્યાં જે વિસ્તારની કોલેજ/સંસ્થાનું નિરીક્ષણે કરવાનું છે, સિવાયના વિસ્તારમાં આવેલી સરકારી કોલેજના આચાર્યશ્રીને સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે સા કરવાના રહેશે.

૩/- ઉપરોક્ત સૂચનાઓનો અમલ શૈક્ષણિક વર્ષ-૨૦૧૫-૧૬ પછીથી શરૂ થનાર નવી કોલેજોની મં તેમ જ જોડાણ માટેની રાજ્ય સરકારશ્રીને મોકલવાની થતી દરખાસ્તો પરત્વે કરવાનો રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિકુંજ જાની)
સરકારના ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ નં.૧, સચિવાલય, ગાંધીનગર

-માન.રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ નં.૨, સચિવાલય ગાંધીનગર

-અગ્રસચિવશ્રી(ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગર

-કુલપતિશ્રી, શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ

-રજીસ્ટ્રારશ્રી, શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ

-સિલેક્ટ ફાઈલ

-ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ

Scanned with CamScanner

ક્રમ	સંસ્થાએ આપવાની વિગત	સ્થાનિક તપાસ સમિતિના રિમાર્કસ	યુનિવર્સિટીનો અભિપ્રાય
૧	જે વિસ્તારમાં નવી કોલેજ શરૂ કરવાની દરખાસ્ત છે તે વિસ્તારમાં સમાન વિદ્યાશાખા/વિષયની નવી કોલેજ શરૂ કરવાની જરૂરિયાત છે, તે બાબતે સંસ્થાની સ્પષ્ટતા આપવી.		
૨	કોલેજ સંયુક્ત શિક્ષણની શરૂ કરવાની છે કે માત્ર મહિલા કોલેજ શરૂ કરવાની છે ? તે જણાવવું.		
૩	તે વિસ્તારમાં કેટલી હાયર સેકન્ડરી શાળાઓ છે ? તેમાંથી દર વર્ષે હાયર સેકન્ડરી પરીક્ષામાં કેટલા વિદ્યાર્થીઓ બેસે છે ? સરેરાશ પરિણામ કેટલું આવે છે ? તે દર્શાવીને આ માટે જે તે શાળાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર સામેલ રાખવું.		
૪	સંચાલન કરનારી સંસ્થા/ટ્રસ્ટની સંપૂર્ણ વિગતો આપવી. તેમાં મુખ્ય ટ્રસ્ટી અને સગાવહાલાનું પ્રમાણ કેટલું છે ? તે અંગે લેખિત પ્રમાણપત્ર સામેલ રાખવું.		
૫	ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની વિગતો આપવી.		
૬	મુલાકાતની તારીખે ટ્રસ્ટ/સંસ્થા પાસે મિલ્કતો, અસ્કયામતો વગેરેની વિગતો (૭/૧૨ના ઉતારા, મકાન બાંધકામ પ્રમાણપત્ર, પ્લાન, નકશાની વિગતો આધાર સાથે) આપવી.		
૭	ટ્રસ્ટ/સંસ્થાની બિન વિવાદાસ્પદ માલિકીની જમીનની વિગતો આપવી.		

Scanned with CamScanner

૮	[illegible] અનુરૂપ કોલેજ બિલ્ડીંગ છે કે કેમ ? તેની વિગતો આપવી		
૯	એકેડેમિક બિલ્ડીંગમાં સગવડતાઓ-સેમીનાર રૂમ, વ્યાખ્યાન રૂમો લેબોરેટરી તથા વિદ્યાર્થીઓ અને સ્ટાફના વિવિધ ઉપયોગ માટેનું ઓડીટોરીયમ અને અન્ય સુવિધાઓ અંગેની વિગતો આપવી		
૧૦	કેન્દ્ર/રાજ્યસરકાર/પીડબલ્યુડી/મ્યુનિસિપાલીટી/ગ્રામપંચાયત ના પાણી વીજળી, ફાયરસેફ્ટી, ટોયલેટ, ગટરલાઈન અંગેના પ્રમાણપત્રો સહિત બી.યુ.પ્રમાણપત્ર સામેલ રાખવા.		
૧૧	સંસ્થા/ટ્રસ્ટ પાસે બોજા મુક્ત એફ.ડી.આર હોય તેની આધાર સહિત વિગતો આપવી		
૧૨	સંસ્થા/ટ્રસ્ટ પાસે બોજા મુક્ત બેંક બેલેન્સ છે કે કેમ ? જો હા, તો આધાર-પુરાવાની પ્રમાણિત નકલ આપવી.		
૧૩	શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીગણની વિગતો આપવી જે નિયમાનુસાર અધ્યયન કાર્ય તથા વહીવટી કામો હાથ ધરવા માટે પૂરતો છે કે કેમ ? તે જણાવવું.		
૧૪	(અ) વિદ્યાર્થીઓના છાત્રાલય માટે આયોજન હોય તો તે ફાયરસેફ્ટી ધરાવતું મકાન છે ? અને બાથરૂમ/ટોયલેટ, કપડા ધોવા, મહેમાનોના રહેવા/જમવા અંગેની પૂરતી વ્યવસ્થાઓ છે કે કેમ? તે લેખિતમાં આધાર સહ મેળવવું. (બ) જે વિદ્યાર્થીઓ ભાડાના મકાન અથવા સંસ્થાના છાત્રાલયમાં નિવાસ કરતાં હોય, તેઓ પર દેખરેખ રાખવા અંગે શી વ્યવસ્થા છે ? તેની વિગતો આપવી.		

Scanned with CamScanner

૧૫	ગ્રંથાલય માટેનાં સગવડો શી છે ? તેમાં પુસ્તકો/જર્નલ્સની સંખ્યા જણાવવી. તેમ જ આદિજાતિ/અનુસૂચિત જાતિ/આર્થિક નબળા વિદ્યાર્થીઓ માટેની બુક બેંક યોજના છે કે કેમ ? તેની વિગતો આપવી.		
૧૬	લેબોરેટરી મકાન, સાધનો, કોમ્પ્યુટર, પ્રિન્ટર એ.સી., ઈન્ટરનેટ વગેરેની સગવડો શરૂ કરવાના અભ્યાસક્રમને અનુરૂપ ઉપલબ્ધ છે કે કેમ ? તેની વિગતો આપવી.		
૧૭	રમત-ગમતના મેદાનની વિગતો આપવી.		
૧૮	વિદ્યાર્થીઓ અને સ્ટાફના વિવિધ ઉપયોગ માટેનું ઓડીટોરીયમ અને અન્ય સુવિધાઓ અંગેની વિગતો આપવી.		
૧૯	ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની વિગતો આપવી.		
૨૦	સરકારશ્રીના નિયમ અનુસાર અનામત રાખવાના ફંડ, રોજબરોજના ખર્ચાની જોગવાઇઓ અંગેની બાંહેધરીઓ સામેલ રાખવી.		
૨૧	યુનિવર્સિટી/વૈધાનિક સત્તામંડળો/સરકારશ્રીના સર્વીસ રૂલ્સ અને પગાર, સ્ટાફની ભરતી, વિદ્યાર્થીઓની ફી, પ્રવેશ તેમ જ અભ્યાસક્રમ બંધ કરવા અને રજીસ્ટરો/રેકર્ડ/હિસાબો રાખવા તેમ જ ઓલ ઇન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન અંગેની અધિકૃત વેબસાઇટ પર સમયાંતરે ડેટા અપલોડ કરવા અને અપડેટ કરવા અંગેના નીતિ-નિયમોના પાલન કરવાની બાંહેધરીઓ આપવી.		

Scanned with CamScanner

૨૨	સંસ્થા/ટ્રસ્ટના છેલ્લા બે વર્ષના ઓડીટેડ વાર્ષિક હિસાબોની વિગતો આધાર સાથે સામેલ રાખવી.		
૨૩	ટ્રસ્ટ/સંસ્થા વિરૂધ્ધ ન્યાયની અદાલતમાં કોઇ કેસ પડતર હોય અથવા વિરૂધ્ધ ચુકાદો આવેલ હોય, તો તે અંગેની વિગતો આપવી.		
૨૪	અભ્યાસક્રમ શરૂ કરતાં પૂર્વે જે તે વૈધાનિક સત્તામંડળોની પૂર્વ અનુમતિ લેવાની જરૂરિયાત છે કે કેમ ? અને જો હા તો, તે મેળવવામાં આવી છે કે કેમ ? તે આધાર સહિત જણાવવું.		
૨૫	(અ) યુનિવર્સિટી/રાજ્યસરકાર/વૈધાનિક સત્તામંડળ ધ્વારા મૂકાયેલ શરતોનું પરિપાલન સંસ્થા/ટ્રસ્ટ ધ્વારા કરવામાં આવેલ છે કે કેમ ? જો ના તો, હવે પછી કેટલી સમયમર્યાદામાં પૂર્તતા કરવામાં આવશે? (બ) વધુમાં યુનિવર્સિટી ધ્વારા અગાઉ નિમવામાં આવેલી સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં જે શરતો/ખામીઓની પૂર્તતા કરવા માટે સંસ્થાને જણાવવામાં આવેલ, તેમાંથી હવે કઇ શરતો/ખામીઓની પૂર્તતા કરવાની બાકી છે ? અને આ ખામીઓ દૂર કરવા અંગે સંસ્થા/કોલેજ ધ્વારા શાં સુધારાત્મક પગલાં લેવાયા છે, તેની વિગતો આપવી.		

(યુનિવર્સિટીના રજીસ્ટ્રારના સહી-સિક્કા અને યુનિવર્સિટીનું સીલ)

Scanned with CamScanner